## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**કોરોનાનો કોઈ પેશન્ટ હોય તો લાવ ને... ઓક્સિજન એમને એમ પડ્યા પડ્યા ઊડી જશે... શું સમજ્યો...!!**

# "વાંચે ગુજરાત" છેલ્લા બે દાયકાથી ગ્રંથપાલની ભરતી કરાઈ નથી..!

### મધ્યપ્રદેશમાં ૩૦૮ અને રાજસ્થાનમાં ૭૦૦ ગ્રંથપાલની જગ્યા પુરા વેતનથી ભરાઈ છે, ગુજરાતમાં કેમ નહી..

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજયમાં છેલ્લા બે દાયકાથી ઉચ્ચતર માધ્યમિક શાળા અને કોલેજોમાં ગ્રંથપાલની ભરતી કરાઈ નથી. ગ્રંથપાલની ભરતી માટે શૈક્ષણિક ગ્રંથપાલ બેરોજગાર મંચ દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણવિભાગને ૫૦ થી વધુ વખત આવેદન પત્રો તેમજ મૌખિક રજુઆતો કરવા છતા આજદિન સુધી કોઈ નિવેડો આવ્યો નથી. રાજયની ૨૫૦ થી વધુ કોલેજમાં તેમજ ૫૬૦૦ થી વધુ શાળાઓમાં ગ્રંથપાલની જગ્યાઓ ખાલી છે. ત્યારે પાટનગરમાં આવેલી મોટાભાગની યુનિવર્સિટીઓ ગ્રંથપાલ વિના જ ધમધોકાર ચાલી રહી છે. ત્યારે રાજય સરકાર દ્વારા સત્વરે ગ્રંથપાલની જગ્યાઓ ભરવામાં આવે તેવી ઉમેદવારોની લાગણી અને માંગણી છે.

રાજયની શાળા-કોલેજોમાં ૨૨ વર્ષથી ગ્રંથપાલની ભરતી કરાઈ નથી. ગ્રંથપાલ વિનાની શાળા કે કોલેજ વિના સંશોધન કાર્ય કે નવોન્મેષ પ્રકલ્પોને વેગ મળતો નથી. માનવ સંશાધન વિકાસ મંત્રાલય નવી દિલ્હીના એનઆઈઆરએફ રેન્કીંગમાં પ્રથમ ૧૦ ક્રમાંકમાં રાજયની એક પણ શૈક્ષણિક સંસ્થાનો સમાવેશ થયો નથી. જયારે નેશનલ નોલેજ કમિશનના રિપોર્ટ (૩ એપ્રિલ, ૨૦૧૭) પ્રમાણે રાજયમાં ૨૫૦ કરતા વધારે કોલેજ અને ૫૬૦૦ શાળામાં ગ્રંથપાલની જગ્યા વર્ષોથી ખાલી પડી છે. રાજયની અનુદાનિત કોલેજમાં ૭૦ ટકા કોલેજમાં ગ્રંથપાલની જગ્યા ખાલી છે. જયારે ૧૧૩ સરકારી કોલેજમાંથી ૫૨ કોલેજ ગ્રંથપાલ વિના ચાલી રહી છે. એમ.એસ.યુનિવર્સિટીને બાદ કરતા તમામ યુનિવર્સિટીઓ ઈન્ચાર્જ ગ્રંથપાલથી ચાલી રહી છે.ગુજરાતમાં છેલ્લા ૨૫ વર્ષથી ભાજપનું શાસન છે, તેમ છતા ગ્રંથપાલની જગ્યા ભરાતી નથી. ત્યારે ભાજપ શાસિત રાજસ્થાનમાં ૭૦૦ તેમજ મધ્યપ્રદેશમાં ૩૦૮ જગ્યા પુરા પગારથી ભરવામાં આવી છે. જયારે ભારતના અન્ય રાજયમાં પણ નિયમિત ગ્રંથપાલની ભરતી કરવામાં આવે છે. ત્યારે રાજયના શિક્ષિત બેરોજગાર યુવાનોએ નોકરી મેળવવા માટે અન્ય રાજય તરફ ડગલા ભરવા પડશે કે કેમ...તે પ્રશ્ન સૌ કોઈને સતાવી રહ્યો છે. શૈક્ષણિક ગ્રંથપાલ બેરોજગાર મંચના નેજા હેઠળ અનેકવાર લેખિત રજુઆત કરવામાં આવી છે. તેમ છતા સરકાર સુધી ગ્રંથપાલોનો અવાજ સંભળાતો નથી. જો સરકાર દ્વારા ગ્રંથપાલની ભરતી અંગે હકારાત્મક નિર્ણય નહી આવે તો આગામી સમયમાં ગ્રંથપાલો પણ પાટનગરમાં આંદોલનનો મોરચો માંડે તો નવાઈ નહી..

## ખૂણેખાંચરેથી

- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ગુજરાતની મુલાકાતને પગલે તંત્ર એલર્ટ મોડ પર કામ કરી રહ્યું છે.
- મોલ અને બજારોમાં આજે સારી એવી ભીડ જોવા મળી હતી અહિંયા સોશ્યલ ડિસ્ટન્સીંગની વાતો વિસરાઈ હતી.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૧૧૬ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં આજે રજાના દિવસે પણ એક હજારથી વધુ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.
- જિલ્લા પંચાયત નજીક સર્વિસ રોડ બનાવવામાં આવતાં પંચાયતના વાહનોના પાર્કિંગની નવી સમસ્યા તંત્ર માટે ઉભી થશે.
- ગાંધીનગર શહેરમાં કોરોના તેમજ ચોમાસાના અને રેમડેસીવીર તેમજ મ્યુકરના ઈન્જેક્શનો અંગેના કંટ્રોલ રૂમ હાલ કાર્યરત છે.
- ગાંધીનગર તાલુકામાં પણ મુખ્યમંત્રી સડક યોજના હેઠળ રૂ. ૧૦ કરોડના કામોને માર્ગ-મકાન વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે મંજૂરી આપી છે.
- શાકભાજીના ભાવોમાં ફરી એકવાર વધારો થયો છે.

# એકટીવા પર આવી મોબાઈલની લુંટ ચલાવનાર બે ઝડપાયા

ગાંધીનગર અડાલજ બસ સ્ટેન્ડ પાસેની ફુટપાથ પર બેસી રહેલા યુવાનના હાથમાંથી બે મોબાઈલ ફોનની લુંટ એકટીવા લઈને આવેલા શખ્સોએ કરી હતી. મોબાઈલ લુંટ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી હતી.ત્યાં જ પોલીસને લુંટ ચલાવનાર શખ્સો અંગે બાતમી મળી હતી. જેને પગલે એકટીવા ચાલક તેમજ પાછળ બેઠેલા શખ્સને પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે બે શખ્સોની પુછતાછ કરતા બંન્નેએ વિવિધ વિસ્તારમાં ૭ જેટલા ગુના કર્યા હોવાનું જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરને અડીને આવેલા શાહપુર ગામે રહેતા હરીરામ ગુર્જર અને તેનો ભાઈ રામલખન અડાલજ પીકઅપ સ્ટેન્ડ પર માલધારી ટી સ્ટોલ નોકરી કરે છે. શનિવારના રોજ ટી સ્ટોલનું કામ પૂર્ણ કરીને બે ભાઈઓ ઉંઘવાની તૈયારી કરી રહ્યા હતા. તે સમયે હરીરામ ફુટપાથ બેઠો બેઠો મોબાઈલ જોઈ રહ્યો હતો. તે સમયે તેના ભાઈ રામલખનનો મોબાઈલ પણ તેની જોડે હતો. આ સમયે વ્હાઈટ કલરના એકટીવા પર સવાર બે શખ્સો તેની પાસે આવી ગયા હતા. તે કંઈ સમજે વિચારે તે પહેલા જ એકટીવા પર પાછળ બેઠેલા શખ્સે હરીરામના હાથમાંથી બંન્ને મોબાઈલ લુંટી લઈ નાસી છુટ્યા હતા. હરીરામ પાસેથી મોબાઈલ ઝુંટવીને લઈ જતા બુમાબુમ કરી મુકતા તેનો ભાઈ રામલખન તેમજ સ્થાનિકો મદદે દોડી આવ્યા હતા. પરંતુ મોબાઈલ લુંટીને બે શખ્સો અડાલજ તરફ જતા રહ્યા હતા. બનાવ અંગે હરીરામ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. પીઆઈ. જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો તપાસ કરી રહ્યા હતા. તે સમયે પૂર્વ બાતમીને પગલે પોલીસે અડાલજ વિસ્તારમાંથી બે શખ્સોને દબોચી લીધા હતા. પોલીસે પુછતાછ કરતા તેઓએ પોતાનું નામ ધ્રુવ સુભાષભાઈ કંસારા (રહે. એ-૩૦૬ આદિત્ય રેસીડેન્સી વિઠ્ઠલ પ્લાઝા કોમ્પ્લેક્ષની પાછળ નવા નરોડા અમદાવાદ), તેમજ મનોજ બળદેવજી ઉર્ફે કાલાભાઈ ઓડ (રહે. ઈન્દિરાનગર એનાસન ગામ દસક્રોઈ અમદાવાદ) હોવાનું કહ્યું હતું. પોલીસે અંગજડતી કરતા ૯ મોબાઈલ મળી આવ્યા હતા. આ મોબાઈલ અડાલજ ત્રિ મંદિર, કલોલ, ભાટ વિસ્તારમાંથી મોબાઈલની ચોરી કરી હતી. જયારે આણંદ શહેરમાંથી ચાર દિવસ પહેલા એકટીવાની ઉઠાંતરી કરી હોવાની કબુલાત કરી છે. આ બે શખ્સો ચોરી કરેલા મોબાઈલ ફોન વેચવા જઈ રહ્યા હતા તે સમયે પોલીસે પકડી પાડી રૂ. ૯૧,૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્લાસ્ટીક કચરાના નિકાલ માટે માણસામાં ખાસ સ્ટોરેજ વ્યવસ્થા ઉભી કરાશે

### દહેગામમાં ગોબરધન માટે ખાસ વ્યવસ્થા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ઉભી કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં વર્ષ-૨૦૨૧-૨૨ ના વર્ષ દરમ્યાન સ્વચ્છ ભારત મિશન અંતર્ગત પ્લાસ્ટીક કચરાના વ્યવસ્થાપન માટે માણસા તાલુકામાં સ્ટોરેજ યુનિટ અને ગોબરધન માટે દહેગામ તાલુકામાં ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

જિલ્લામાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વાર્ષિક યોજનાને બહાલી આપી દેવામાં આવી છે. માણસા ખાતે પ્લાસ્ટીક કચરાના વ્યવસ્થાપન માટે રૂ. ૧૬ લાખના ખર્ચે સ્ટોરેજ યુનિટ બનાવાશે જ્યારે દહેગામ તાલુકામાં રૂ. ૫૦ લાખના ખર્ચે ગોબરધન માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.

જિલ્લામાં સ્વચ્છતા મિશન અંતર્ગત ૪૪ સેગ્રીગેશનના શેડ બનાવવામાં આવશે. પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં ગ્રે વૉટર મેનેજમેન્ટ સિસ્ટમ અમલી બનાવવા અંગેનું પણ એક્શન પ્લાનમાં આયોજન કરવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

પ્રારંભમાં ૨૫ જેટલા ગામોમાં આ ગ્રે વૉટર મેનેજમેન્ટ અમલી બનશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે જેમાં ગાંધીનગરના ૧૧, કલોલના ૬, માણસા-દહેગામના ૪-૪ ગામોનો સમાવેશ થાય છે. જિલ્લામાં આ વર્ષે ૧૧ ગામોની અંદર ઘન કચરાના નિકાલ વ્યવસ્થાપનની કામગીરી સઘન બનાવવામાં આવશે. જેમાં ગાંધીનગરના ૨, માણસાના ૭ અને દહેગામના ૨ ગામનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૬૦ ગામોમાં ઘન કચરાના નિકાલ માટે સખીમંડળો સાથે એમ.ઓ.યુ. કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જે પૈકી ૧૧ ગામોમાં આ એમ.ઓ.યુ.ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે.

નવા મકાનોમાં શૌચાલયોથી વંચિત આવાસોમાં શૌચાલયો બનાવવાની કામગીરી થોડીક ધીમી પડી છે. દહેગામમાં ૬૪૩ અને ગાંધીનગરમાં ૧૪૩ આવાસોમાં આ શૌચાલયો બનાવવાની કામગીરી પણ ઝડપથી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

હવે જિલ્લાના દરેક ગામનો સ્વચ્છતા પ્લાન બનાવવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યાનું ગ્રામ વિકાસ એજન્સીના સૂત્રોએ જણાવ્યુ છે.




**સિવિલ કેમ્પસ ગટરોની સફાઈ હાથ ધરાઈ**

શહેરના સેક્ટરોની ગટરોની ફરિયાદની જેમ સિવિલ કેમ્પસમાં પણ આ સમસ્યા જોવા મળે છે. ત્યારે સિવિલ કેમ્પસમાં પી.એમ. રૂમની સામેની બાજુએ આવેલી ગટરોની સાફ-સફાઈ તંત્ર દ્વારા કરવામાં આવી છે. આગામી ચોમાસામાં કેમ્પસમાં પાણી ભરાઈ ના જાય તે માટે અગાઉથી માર્ગની આસપાસ આવેલી ગટરોની સફાઈ હાથ ધરાઈ હતી.

# કોરોનાના ઘટતાં કેસની સ્થિતિમાં ધોરણ-૧૨ની પરીક્ષા લેવાવી જોઈતી હતી

### શહેર જિલ્લાના કેટલાંક શિક્ષણ સંકુલો અને સામાજિક બેઠકોમાં ચાલતો ગણગણાટ તેજસ્વી વિદ્યાર્થીઓને થનાર અન્યાયનો બળાપો

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાતમાં અને દેશમાં કોરોનાના ઘટતા જતાં કેસના પગલે ધોરણ-૧૨ની પરીક્ષા રદ કરવાનો નિર્ણય ઉતાવળે લેવાયો હોય તેવો ગણગણાટ ચાલે છે. દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં જે ગતિએ કોરોનાના કેસ ઘટી રહ્યા છે અને સામાજીક જીવન પુર્વવત બની રહ્યું છે ત્યારે કારકિર્દીના મહત્વના વળાંક સમી ધોરણ-૧૨ની પરીક્ષા યોજાવી જોઈતી હતી તેવો એક મત પ્રબળ બની રહ્યો છે. કેટલાંક તો આ નિર્ણયને રાજકીય નિર્ણય પણ ગણાવે છે તો કેટલાંક કોરોનાના બીજા તબક્કામાં કેન્દ્ર અને રાજય સરકારની ખરડાયેલી છબીને સુધારવાના ભાગરૂપે અર્થાત લોકપ્રિય બનવાના ભાગરૂપે ડેમેજ કંટ્રોલ માટેનો નિર્ણય છે. નિર્ણય લેવાઈ ચુક્યો છે એ હકીકત હોવા છતાં આવી ચર્ચાઓ શિક્ષણ સંકુલોમાં અને સામાજીક બેઠકોમાં ચાલી રહી છે.

માર્ચ-એપ્રિલમાં યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષાઓ જે બંધ રખાઈ હતી તે તમામ પરીક્ષાઓની નવી તારીખો પણ જાહેર થઈ ગઈ છે. મંદિર અને મોલ પણ ધમધમતા થયા છે. રાજકીય બેઠકોનો ધમધમાટ પણ પુરબહારમાં ખીલ્યો છે. જાણે કે ક્યાંય કોરોના છે નહિ ને હતો નહિ એવી એક માનસિકતા સાથે જનજીવન પુર્વવત બની રહ્યું છે અને હજુ ૩૦મી જુન સુધીમાં કોરોના નહીવત થઈ જશે ત્યારે એક અફસોસ ચોક્કસ રહેશે કે ધો. ૧૨ની પરીક્ષા લેવાઈ હોય તો તેજસ્વી વિદ્યાર્થીઓને થતો અન્યાય ટાળી શકાયો હોત..! માસ પ્રમોશનને આવકાર આપતા કેટલાય મહાનુભાવો પુનઃ વિચાર કરતાં થઈ ગયા હોય એમ ખુલ્લેઆમ દાવો કરે છે કે પરીક્ષાઓ તો લેવી જોઈતી'તી.

# સચિવાલય પછી જિલ્લા વહીવટી તંત્ર સાથે પોલીસ ખાતામાં મોટી ફેરબદલનો ઈન્તજાર

ગુજરાતના વહીવટી તંત્રમાં ૨૬ ઉચ્ચ અધિકારીઓની બદલી પછી હજી બીજા ત્રણ રાઉન્ડ આવી રહ્યાં છે જેનો બ્યુરોક્રેસીને ઈન્તજાર છે. સચિવાલયના વિભાગોમાં થયેલી બદલીઓ હજી અધુરી છે પરંતુ તેની સાથે બોર્ડ-નિગમના ઉચ્ચ અધિકારીઓ, શહેરોના મ્યુનિસિપલ કમિશનર, જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીની બદલીઓ પણ તોળાઈ રહી છે. એટલે કે ફેરબદલની યાદી લાંબી થઈ છે. બીજી તરફ રાજ્યના પોલીસ વિભાગમાં પોલીસ ભવન, વિવિધ બ્યુરો, શહેરોના પોલીસ કમિશનર, જિલ્લા પોલીસ અધિક્ષક, ડીવાયએસપી અને અન્ય ઉચ્ચ અધિકારીઓ બદલીની લાઈનમાં છે. બદલીના હવે પછીના રાઉન્ડ ક્યારે આવશે તે અનિશ્ચિત છે પરંતુ વિધાનસભાની ચૂંટણી પહેલાં સરકાર મોટાપાયે આ ફેરફારો કરે તેવી પ્રબળ શક્યતા છે. સરકારમાં એવી પ્રણાલિકા છે કે જે ઓફિસર ત્રણ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા હોય તેને બદલાવમાં આવે છે. આ કારણથી પણ બદલીના રાઉન્ડ નિશ્ચિત બન્યાં છે. હંમેશા ચૂંટણી સમયે સત્તાધારી પાર્ટી એવો આગ્રહ રાખતી હોય છે કે સરકારની નજીકના વિશ્વાસુ અધિકારી કિ-પોસ્ટ પર હોય તો ચૂંટણીમાં તેઓ આડકતરી રીતે મદદરૂપ થઈ શકે છે. બદલીના હવે પછીના રાઉન્ડ માટે

## આમ આદમી પાર્ટીનો ડર કોંગ્રેસ કરતાં ભાજપને વધારે છે, કેમ કે શહેરોમાં મતદારોનું વિભાજન થશે

સચિવાલયના સામાન્ય વહીવટ વિભાગ અને ગૃહ વિભાગમાં બદલીને અનુરૂપ અધિકારીઓની તલાશ પૂર્ણ કરવામાં આવી છે. સરકારે ગયા સપ્તાહમાં જે ઓફિસરોની બદલી કરી હતી તેમાં હાઈકમાન્ડની સ્વિકૃતિ મેળવવામાં આવી હતી. અલબત્ત, હવે પછી જે બદલીઓ થવાની છે તેમાં પણ દિલ્હીના માર્ગદર્શન પ્રમાણે નિયુક્તિ થવાની સંભાવના છે. કોરોના સંક્રમણ ઓછું થતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્ય તેમજ જિલ્લાના વહીવટી તંત્ર પર ધ્યાન રાખવાનું શરૂ કરી દીધું છે, જેનું પરિણામ વહીવટી તંત્રમાં ફેરબદલ છે.

**● આજે નહીં તો કાલે, ડોર ટુ ડોર વેક્સિન આપવી પડશે...**

ગુજરાતમાં બે કરોડ લોકોને વેક્સિન આપવામાં આવી હોવાનો દાવો ગુજરાત સરકારે કર્યો છે પરંતુ એ દિવસો પણ દૂર નથી કે લોકોને ડોર ટુ ડોર વેક્સિન આપવામાં આવે. રાજસ્થાન સરકારે આ દિશામાં પહેલ કરી છે અને બિકાનેરથી ડોર ટુ ડોર વેક્સિનેશન પ્રોગ્રામ શરૂ કર્યો છે. દેશના બીજા રાજ્યોએ પણ આ દિશામાં અનુકરણ કરવું પડશે, કારણ કે ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિન લેવા માટે હજી લોકો પુરેપુરા સજ્જ થયા નથી. ગુજરાતમાં વેક્સિન લીધેલા લોકોની સંખ્યા બે કરોડ થઈ છે. કોરોના સંક્રમણની બીજી લહેર પછી સરકારે વેક્સિનેશન કાર્યક્રમ ઝડપી બનાવ્યો છે અને પ્રતિદિન સરેરાશ ૩ લાખ ડોઝ આપવામાં આવે છે. બે કરોડ પૈકી પ્રથમ ડોઝ લીધેલી વ્યક્તિની સંખ્યા ૧.૫૫ કરોડ અને બીજો ડોઝ લીધેલા વ્યક્તિઓની સંખ્યા ૪૫ લાખ થઈ છે. ગુજરાતની હાલની પ્રોજેક્ટેડ વસતી ૬.૫૦ કરોડ છે જે પૈકી ૧.૫૫ કરોડને બાદ કરીએ તો હજી પાંચ કરોડ લોકો વેક્સનેશનથી વંચિત છે. દૈનિક વેક્સિનની સંખ્યા જો જાળવી રાખવામાં આવે તો મહિને ૯૦ લાખ અને છ મહિને ૫.૪૦ કરોડ લોકોને વેક્સિન આપી શકાશે. એટલે કે ગુજરાત છ મહિનામાં ૧૦૦ ટકા વેક્સિનેટેડ થઈ શકે છે. જો કે આ કાર્ય માટે સરકારે શહેરો અને ગામડાને પસંદ કરીને ડોર ટુ ડોર અભિયાન શરૂ કરવું પડે તેમ છે, જે રાજ્યના આરોગ્ય વિભાગ માટે મોટો પ્રશ્ન છે. જે લોકો વેક્સિન લેતા નથી તેમને સરકારી સહાયથી વંચિત રાખવાનો સમય આવી ગયો છે. નિષ્ણાંતો જણાવે છે કે કોઈપણ પ્રદેશમાં ૭૦ ટકા વેક્સિનેશન થઈ જાય એટલે કોરોના સંક્રમણ નિયંત્રિત થઈ જાય છે.

**● મહેસૂલની સુધારણા પછી પંકજકુમાર ગૃહને સુધારશે...**

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગમાં પ્રથમવાર ઈન્ટીગ્રેટેડ ઓનલાઈન રેવન્યુ એપ્લિકેશનની મદદથી ૩૫ નવી જગ્યાઓ ભરવાનો નિર્ણય કરવામાંઆવ્યો છે. આ જગ્યાઓ પૈકી નાયબ કલેક્ટરની પાંચ, મામલતદાર વર્ગની પાંચ, નાયબ મામલતદાર વર્ગની ૧૫ અને ડેટા એન્ટ્રી ઓપરેટરની ૧૦ જગ્યાઓ ભરવામાં આવશે. આ વિભાગમાં અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ જગ્યાઓ ભરવામાં આવી રહી છે. રાજ્યમાં આ એક એવો વિભાગ છે કે જેની ૯૫ ટકા સેવાઓ ઓનલાઈન કરી દેવામાં આવી છે જેથી ભ્રષ્ટાચારને નિયંત્રણમાં રાખી શકાયો છે. આ નવી સિસ્ટમથી અમદાવાદ સહિતના મુખ્ય શહેરોમાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. ઈન્ટીગ્રેટેડ ઓનલાઈન સિસ્ટમના કારણે પડતર

## પાટીદારોના શક્તિ પ્રદર્શન પછી ગુજરાતમાં ચૂંટણી લક્ષી જ્ઞાતિવાદી રાજકારણનો પ્રારંભ થઇ ગયો

અરજીઓનો ઝડપથી નિકાલ પણ થઈ રહ્યો છે અને પારદર્શકતા પણ વધી છે. મહેસૂલ વિભાગના તત્કાલિન અધિક મુખ્ય સચિવ પંકજકુમારના કાર્યકાળમાં મોટાભાગની સેવાઓ ઓનલાઈન કરી દેવામાં આવી છે. હવે પંકજકુમાર ગૃહ વિભાગમાં નિયુક્ત થયાં છે તેથી આ વિભાગમાં પરિવર્તન આવે તેવી સંભાવના છે. તેઓ રાજ્યના પોલીસ સ્ટેશનો, પોલીસ ભવન અને ગૃહ વિભાગમાં કેટલાક ટેકનિકલ ફેરફારો કરવા માગે છે જેના કારણે લોકોની યાતનાઓ અને ફરિયાદોનું ઝડપથી નિરાકરણ આવી શકે. વિઝીલન્સ કમિશનર અને એન્ટી કરપ્શન બ્યુરોના મતે સરકારના વિભાગોમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર મહેસૂલમાં થતો હતો પરંતુ પંકજકુમારે વિભાગમાં કરેલા સુધારાના કારણે ભ્રષ્ટાચારના સૌથી વધુ કેસો શહેરી વિકાસ વિભાગમાં જોવામાં આવ્યા છે.

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

**● ચૂંટણી પહેલાં રાજ્યમાં જ્ઞાતિવાદ જોર પકડે તેવી દહેશત...**

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે વિવિધ સમાજના આગેવાનો શક્તિપ્રદર્શન કરવા લાગ્યા છે. ખોડલધામમાં પાટીદાર અગ્રણી નરેશ પટેલે તો એલાન કરી દીધું છે કે ૨૦૨૨ની ચૂંટણી પછી ગુજરાતમાં પાટીદાર સમાજનો મુખ્યમંત્રી હોવો જોઈએ. તેમણે કડવા અને લેઉઆની લડાઈ બંધ કરવા પણ હાકલ કરી છે. નરેશ પટેલની આ જાહેરાતને કોંગ્રેસના હાલના યુવા નેતા અને પાટીદાર આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલે સ્વિકારી લીધી છે. રાજ્યમાં જ્યારે પાટીદાર અનામત આંદોલન શરૂ થયું ત્યારે ઓબીસી સમાજે પણ મેદાનમાં ઝંપલાવ્યું હતું તેમ પાટીદારોની માગણી સામે હવે ઓબીસી સમાજ બાંયો ચઢાવે તો નવાઈ પામવા જેવું નથી. રાજ્યના ઓબીસી સમાજના નેતાઓ પણ એવો દાવો કરી શકે છે કે ગુજરાતનો નવો મુખ્યમંત્રી ઓબીસી સમાજમાંથી આવવો જોઈએ. ઠાકોર સમાજના ઓબીસી નેતા અલ્પેશ ઠાકોરો અત્યારે ભાજપમાં હોવાથી ચૂપ છે પરંતુ તે ફરીથી સરફેસમાં આવે તેવી સંભાવના છે. એટલું જ નહીં પાટીદાર અનામત આંદોલન સાથે ત્રીજું એક આંદોલન એસટી સમાજનું હતું અને તેનું નેતૃત્વ જીજ્ઞેશ મેવાણી કરતા હતા. ગુજરાતમાં ૨૦૨૨ના વર્ષમાં જ્ઞાતિવાદ જોર પકડે તેવો ભય અત્યારથી જ પેદા થઈ રહ્યો છે, કારણ કે ચૂંટણી નજીક આવતાં હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જીજ્ઞેશ મેવાણી ફરીથી સમાજના ઝંડા લઈને કૂદી પડે તેમ મનાઈ રહ્યું છે.

**● કોંગ્રેસને નહીં ભાજપને 'આપ' નો વધારે ડર લાગે છે...**

આમ આદમી પાર્ટી ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી લડવાની છે તેવી જાહેરાત દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કર્યા પછી કોંગ્રેસની સાથે ભાજપને પણ ડર લાગી રહ્યો છે, કારણ કે આ બન્ને પાર્ટીના મતો ત્રીજી પાર્ટીમાં વહેંચાઈ જશે તો પરિણામમાં મોટું નુકશાન થાય તેમ છે. સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એકસાથે ૨૭ કોર્પોરેટરો સાથે આમ આદમી પાર્ટીએ આશ્ચર્ય સર્જ્યું છે ત્યારે હવે બન્ને પાર્ટીને દહેશત છે કે આ પાર્ટી વિધાનસભામાં ૧૦ થી ૧૫ બેઠકો લઈ જશે. આમ આદમી પાર્ટી ચૂંટણી લડશે તો સૌથી વધુ નુકશાન ભાજપને જવાનું છે તે નિશ્ચિત એટલા માટે છે કે શહેરી વિસ્તારમાં ભાજપનું અત્યારે વર્ચસ્વ છે, જેમાં આમ આદમી પાર્ટી ભાગ પડાવી શકે છે. આમ આદમી પાર્ટીના સૂત્રો કહે છે કે આ પાર્ટીમાં ચૂંટણી લડનારા ઉમેદવારોની સરેરાશ વય ૪૫ વર્ષ સુધીની હશે અને ૩૫ ટકા મહિલાઓને પાર્ટી ટિકીટ આપવાનું વિચારી રહી છે. એનો સીધો અર્થ એ થયો કે ભાજપ અને કોંગ્રેસથી નારાજ મતદારોને આમ આદમી પાર્ટીનો વિકલ્પ મળી રહ્યો છે જે અગાઉની ચૂંટણીમાં જોવા મળ્યો ન હતો. આ સંજોગોમાં ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી કરતી વખતે બન્ને પાર્ટીઓને યુવા અને મહિલા ઉમેદવારોની વધારે આવશ્યકતા રહેશે. બીજી તરફ આમ આદમી પાર્ટી આ વખતે ભાજપ અને કોંગ્રેસના સંગઠનમાં મોટું ભંગાણ પણ સર્જે તેવી સ્થિતિ સર્જાશે, કેમ કે પાર્ટીથી નારાજ નેતાઓ અને અસંતુષ્ટ કાર્યકરો આમ આદમી પાર્ટીમાં જોડાઈ શકે છે. દાવો છે કે ભાજપ પાસે હાલ ૧.૨૦ કરોડ અને કોંગ્રેસ પાસે ૮૦ લાખ કાર્યકરોની ફોજ છે જેમાં નવી પાર્ટીના ઉદયથી ગાબડાં પડવાની સંભાવના છે.

## ડોર ટુ ડોર વેક્સિનેશનઃ ગુજરાતના શહેરો પણ બિકાનેર બને તો કોરોના સંક્રમણમાં નિયંત્રણ આવશે

**● કોંગ્રેસમાં જૂના-નવા ન ચાલ્યાં હવે કોણ ચાલશે?...**

ગુજરાતમાં છેલ્લા ૨૮ વર્ષથી સત્તાવંચિત કોંગ્રેસમાં જૂના અને નવા નેતાઓ ન ચાલ્યા, હવે ક્યા નેતા ચાલશે તેવો પ્રશ્ન પાર્ટીના કાર્યકરોને સતાવી રહ્યો છે. ફાયરબ્રાન્ડ નેતાનો કોંગ્રેજસમાં અભાવ છે. જે ચાર નામ સામે આવે છે તેઓ ચૂંટણી જીતી શકતા નથી પરંતુ તેમને સંગઠનમાં ટોચનું સ્થાન જોઈએ છે. આ ચાર નેતાઓમાં અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ, ભરતસિંહ સોલંકી અને સિદ્ધાર્થ પટેલ છે. પાર્ટીની સેકન્ડ કેડરના બે નેતાઓ પરેશ ધાનાની અને અમિત ચાવડા ચૂંટણીમાં નિષ્ફળ ગયા છે. પાર્ટી તેના યુવા નેતા હાર્દિક પટેલનો સંપૂર્ણ ઉપયોગ કરતાં ગભરાય છે, કારણ કે તેઓ અસંખ્ય અદાલતી કેસોનો સામનો કરી રહ્યાં છે. જો પાર્ટીમાં હાર્દિક પટેલને મોટી જવાબદારી સોંપવામાં આવે તો સત્તાધારી ભાજપની સરકાર હાર્દિક સામેના જૂના કેસો ઉખાડીને ફરીથી તેને જેલયાત્રા કરાવી શકે છે જેનો કોંગ્રેસને મોટો ડર છે. ભાજપના હાઈકમાન્ડ એટલે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સરકારમાં જૈન સમુદાયના નેતાને મુખ્યમંત્રી બનાવ્યા છે અને મરાઠી નેતા સીઆર પાટીલને પ્રદેશ પ્રમુખપદે બેસાડ્યા છે. આ વખતે તેમણે જ્ઞાતિવાદને દૂર રાખીને બે સુપ્રીમ નિયુક્તિ કરી પાટીદાર, ઓબીસી અને એસટી સમાજના નેતાઓને ચોંકાવી દીધા છે. કોંગ્રેસ જો આવું કરવા જાય તો પાર્ટીમાં બળવાની સ્થિતિ આકાર પામે તેવી છે, કેમ કે કોંગ્રેસનો એકમાત્ર ગોલ જ્ઞાતિવાદના આધારે ચૂંટણી જીતવાનો છે. કોંગ્રેસના સંગઠનમાં હવે કોણ ચાલશે તે મોટો પ્રશ્ન છે, કેમ કે જે કોઈ જ્ઞાતિમાંથી આવશે તેણે વિધાનસભાની ચૂંટણીનો પડકાર સ્વિકારવાનો છે.